**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૪૪ ટકા

# શહેરમાં પ્રજાસત્તાક દિવસ ધામધૂમથી ઉજવાયો



હરિનગર, વાવોલ ખાતે ૭૧મા પ્રજાસત્તાક પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોર્પોરેટર રાકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



રામકથા મેદાન, સેકટર-૧૧ ખાતે યોજાયેલા ગણતંત્ર દિવસના કાર્યક્રમમાં બાળકોને બિસ્કીટના પેકેટ તથા ધ્વજનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં અલ્પાબા પરમાર, રાજશ્રીબેન ગાંધી, અનિલભાઈ સોની, રમેશ જોષી, પ્રદિપ જોષી, લાભશંકર જોષી, ચંદ્રેશ પટેલ તથા જયેન્દ્ર ગજ્જર ઉપસ્થિત રહ્યા હતા.



સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાં યોજી રહેલા એલઆરડી ભરતીના મહિલા ઉમેદવારોએ ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. આ કાર્યક્રમમાં પૂર્વ શિક્ષણ મંત્રી કરશનદાસ સોનેરીએ ધ્વજવંદન કર્યુ હતું. આ કાર્યક્રમમાં આદિવાસી માલધારી સમાજના અગ્રણીઓ તથા અન્ય સમાજના દેખાવકારો જોડાયા હતા.



ગણતંત્ર દિને લાઈફ ઈઝ બ્યુટીફુલ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નાના ભૂલકાંઓએ સુંદર મજાના ચિત્રો દોર્યા હતા.



સેકટર-૮માં ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતના ઘર આંગણે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ જયોતિષ ભટ્ટ દ્વારા ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં હાલમાં દિવગંત થયેલા ભરત કવિ, જાણીતા વેપારી કિર્તી સુખડીયા-ચેતન સુખડીયા, બી.એમ. પાટીલ, મહેન્દ્ર પાટીલને શ્રધ્ધાંજલિ અર્પવામાં આવી હતી. આ પ્રસંગે આઈએએસ એચ.એસ. પટેલ, પુલક ત્રિવેદી, કવિ કિશોર જીકાદરા, ડૉ. નીતા શેખાત, અશ્વિન ત્રિવેદી, નિકુંજ શુકલ, ડૉ. વિશ્વા દવે, મંગળદાસ પટેલ, હેતલ દેસાઈ, કનુ પટેલ, દિવ્ય ત્રિવેદી, કિંજલ સુથાર, મધુ પ્રજાપતિ, રિધ્ધિ થોરાત, સંજય વર્મા વગેરે દેશપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.





રામકથા મેદાનમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પ્રભારી સચિવ સંજીવકુમારના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.



ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. મેયર રીટાબેન પટેલ, ડે. મેયર નાજાભાઈ ધાંધલ અને અન્ય પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર મેડીકલ કોલેજના પ્રાંગણમાં ૭૧મા પ્રજાસત્તાક પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મેડીકલ કોલેજના ડીન ડૉ.શોભના ગુપ્તાએ રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કરાવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ડોકટર્સ, સિવિલના આરએમઓ ડૉ. રાજેન્દ્ર ચૌહાણ, ડેપ્યુટી આરએમઓ ડૉ. કલ્પેશ જશપરા સહિત કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.





મધુર ડેરી દ્વારા ૨૬મી જાન્યુઆરીના રોજ સંસ્થાના પુરુષાર્થના ૫૦ વર્ષ પૂર્ણ કર્યાને તથા ગણતંત્ર દિવસ નિમિત્તની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એન.એચ. કેલાવાલા, મધુર ડેરીના ચમેરન ડૉ. શંકરસિંહ રાણા તથા મધુર બોર્ડના ડિરેકટર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ડેરીના સૌથી યુવા પશુપાલક ઋષિક અને વર્ષોથી પશુપાલન કરતા વરસંગજી ઠાકોરનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રતાપસિંહ હિન્દી શાળાના બાળકો દ્વારા કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મધુર વિઝન ૨૦૨૦માં ગૌ પશુપાલનનો મહત્વ આપવાની વાત કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના મેનેજર હંસાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સેકટર-૧૬ ખાતે પ્રજાસત્તાક દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સેકટર-૧૬ સરકારી પ્રાથમિક સ્કૂલ ખાતે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી કુ. ભાવના સીસોદીયાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યુ હતું. આ અવસરે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



સેકટર-૧૩ પ્રાથમિક શાળા ખાતે ગણતંત્ર દિને ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નગરના અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા અને ધ્વજવંદન કર્યુ હતું.



ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે ઈન્ચાર્જ પ્રમુખ ભરતભાઈ પટેલ દ્વારા ધ્વજવંદન કરાયું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરનાર બાળકોને ચીકીનું વિતરણ કરાયું હતું. શ્રેષ્ઠ શિક્ષકોને આ અવસરે સન્માનવામાં આવ્યા હતા.




ગાંધીનગર ઈલેકટ્રોનિકસ ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન (ગેઝીયા) દ્વારા ૨૬મી જાન્યુઆરીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગેઝીયા પ્રમુખ ડૉ. સમીર ત્રિવેદી, ઉપપ્રમુખ ચાણકય પટેલ તેમજ ગેઝીયાના સભ્યો ખાસ હાજર રહ્યા હતા.

# ઔષધિય વનસ્પતિની ખેતી માટે માર્ગદર્શન આપવા કાર્યશાળા યોજાઈ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરમાં સર્કિટ હાઉસ પાછળના સરકારી ઔષધિય વનસ્પતિ ઉદ્યાન ખાતે રાજયમાં ઔષધિય વનસ્પતિની ખેતીમાં સહાયક બનતા ફેસિલેટર્સની એક દિવસીય કાર્યાશાળા તાજેતરમાં યોજાઈ હતી. જેમાં ૪૦ જેટલાં ફેસિલેટર્સને ઔષધિય વનસ્પતિની ખેતી કરવા અંગે વાવેતરથી માંડીને કલ્ટીવેશન, સરકારી સબસીડી વગેરે જેવી બાબતોની માહિતી આપવામાં આવી હતી.

ગુજરાત મેડીકલ પ્લાન્ટ બોર્ડ દ્વારા યોજવામાં આવેલી કાર્યશાળામાં લીંડીપીપર, ઈસબગુલ, આમળા, કુંવારપાઠું, ગળો, તુલસી, ગુગળ, સફેદ મુસળી, બ્રાહ્મી, અસાડિયો, શતાવરી અને ડૌડી જેવી ઔષધિય જાતોની ખેતી હાથ ધરવા માટે ખેડૂતોને માર્ગદર્શન પુરું પાડવામાં



આવ્યું હતું. આ સાથે ફેસિલેટર્સને મળતી મદદ તેમની ફરજો અને વકતવ્ય આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજયના ઔષધિય વનસ્પતિ બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી ડૉ. જગદીશ પ્રસાદ દ્વારા ખેડૂતોને વાવણીથી માંડીન તેમની કામગીરી માટે તાંત્રિક અને નાણાંકીય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બોર્ડના ટેકનિકલ ઓફિસર હેમંત સુથાર દ્વારા ફેસિલેટર્સને તેમની ફરજો અને ઔષધિય ખેતીની આવશ્યકતા અંગે માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે બોર્ડના અધિકારીઓ, બી.એન. પટેલ, કનુભાઈ યોગી, કે.એલ. દૂબે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના આયોજન માટે પ્રોજેકટ ઓફિસર સંદિપ ગામીતે જહેમત ઉઠાવી હતી.

## મુવી હાઉસ

**સિટી પલ્સ, કુડાસણ**

**સ્ટ્રીટ ડાન્સર ૩ (૨-ડી)**
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ટ્રીટ ડાન્સર ૩ (૩-ડી)**
૧૧.૪૫, ૫.૪૫
**તાન્હાજી (૩-ડી)**
૩.૦૦, ૯.૩૦
**ગુડ ન્યૂઝ**
૧૦.૦૦
**પંગા**
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧.૦૦
**કેમ છો? (ગુજરાતી)**
૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૦૦

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

**સ્ટ્રીટ ડાન્સર ૩ (૩-ડી)**
૮.૦૦, ૯.૩૦, ૧૧.૦૦, ૧૨.૩૦, ૧.૦૦, ૨.૦૦, ૩.૩૦, ૫.૦૦, ૬.૩૦, ૮.૦૦, ૯.૩૦, ૧૧.૦૦
**તાન્હાજી**
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
**પંગા**
૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**

**સ્ટ્રીટ ડાન્સર ૩ (૩-ડી)**
૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૫, ૭.૧૦, ૧૦.૧૫
**સ્ટ્રીટ ડાન્સર ૩ (૨-ડી)**
૯.૦૦, ૧૧.૦૦, ૧૨.૦૦, ૨.૦૦, ૩.૦૫, ૬.૧૦, ૯.૧૫, ૯.૪૫
**તાન્હાજી**
૧૦.૪૦, ૧.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૧૦.૦૦
**ગુડ ન્યુઝ**
૩.૫૫
**પંગા**
૧૦.૨૫, ૧.૧૦, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

**સ્ટ્રીટ ડાન્સર ૩ (૩-ડી)**
૧૦.૨૫, ૧.૩૦, ૪.૩૫, ૭.૪૦, ૧૦.૪૫
**સ્ટ્રીટ ડાન્સર ૩ (૨-ડી)**
૯.૦૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
**તાન્હાજી**
૧૨.૫૦, ૯.૩૦
**ગુડ ન્યુઝ**
૧૦.૪૦
**પંગા**
૯.૦૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫

## શહેરમાં ડાક અદાલત યોજાશે

ગાંધીનગર, તા.૨૭

સિનિયર સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ ગાંધીનગર ડિવિઝન ગાંધીનગર સે-૧૧ ખાતે તા. ૭ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧.૩૦ કલાકે ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે ડાક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

ડાક અદાલતમાં ટપાલ સેવાઓને લગતી ફરિયાદો સાંભળવામાં આવશે. આ અંગેની ફરિયાદો મોડામાં મોડી ૩૦ જાન્યુઆરી સુધીમાં મળી જાય તે રીતે સિનિયર સુપ્રિન્ટેન્ડેટ ઓફ પોસ્ટ ઓફિસીસ, ગાંધીનગર ડિવીઝન સે-૧૧ ખાતે મોકલવા ગાંધીનગર વિભાગ પ્રવર અધિક્ષક ડાકઘર દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. ગઢવી પરબતસિંહ કેશરીસિંહ, ઉ.વ. ૭૦
- સ્વ. વાઘેલા ભવાનજી નેનાજી, ઉ.વ. ૮૨
- સ્વ. ડાભી શંકરજી દાજીજી, ઉ.વ. ૬૫
- સ્વ. શર્મા રામદિન રાજારામ, ઉ.વ. ૭૯
- સ્વ. વ્યાસ વહમીકુમાર પ્રફુલચંદ્ર, ઉ.વ. ૬૩
- સ્વ. પરમાર નૈનાબેન અશોકભાઈ, ઉ.વ. ૫૧
- સ્વ. જાની સુમીત્રાબેન ગુણવંતરાય, ઉ.વ. ૭૫
- સ્વ. અવાડે જયવંતીબેન ટેડુભાઈ, ઉ.વ. ૮૫
- સ્વ. ચૌહાણ કાન્તિભાઈ ગાભાભાઈ, ઉ.વ. ૬૩